ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરના પાદરે ખેલાયો ખૂની ખેલ

**અપના અડ્ડા પાસે બે જુથ વચ્ચે મારામારી : રાંદેસણના યુવક મૃત્યુ : સેકટર-૨ નો યુવક પણ અમદાવાદ સારવાર હેઠળ, સવારે ચાર વાગ્યાના અરસામાં મારામારીના દ્રશ્યો સર્જાયા, ધોકા અને તિક્ષ્ણ હથીયાર વડે હુમલો, હુમલાખોરોને પકડવા પોલીસનો ધમધમાટ શરુ**

ગાંધીનગર, તા.૨૫

ન્યું ગાંધીનગર વિસ્તારમાં આવેલા અપના અડ્ડા ટી સ્ટોલ પાસે બુધવારની વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં યુવાનોના બે જુથ વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં રાંદેસણના ૨૪ વર્ષિય યુવક કેતનસિંહ ગોહિલને છરાના ઘા મારતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યું થયુ હતું. જયારે તેમની સાથે રહેલા સેકટર-૨ ખાતે રહેતા અભિમન્યુસિંહને પણ ગંભીર ઈજાને પગલે અમદાવાદ સિવિલ સારવારઅર્થે ખસેડાયા છે. વહેલી સવારે થયેલી મારામારીને પગલે સ્થાનિક નાગરીકોમાં પણ ભયનો માહોલ છવાયો હતો. બનાવને પગલે ઈન્ફોસીટી પોલીસે તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શાહપુર સર્કલ થી રિલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગ પર અપના અડ્ડા ટી સ્ટોલ અને અન્ય ખાણીપીણીની દુકાનો આવેલી છે. જેથી આ વિસ્તારમાં દિવસ રાત ધમધમતો હોય છે. ત્યારે વહેલી સવારના ચાર વાગ્યાના સુમારે અમદાવાદથી અંદાજીત ૬ જેટલા યુવકો અને શહેરના યુવકો ચા પીવા માટે આવ્યા હતા. તે સમય દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરના યુવકો વચ્ચે કોઈ કારણોસર માથાકુટ થઈ હતી. આ મારામારીના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. જયારે ધોકા અને છરા જેવા હથીયાર વડે હુમલો કરતા ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામના કેતનસિંહ પૃથ્વીસિંહ ગોહિલને તિક્ષ્ણ હથીયારના શરીરે છાતી, પીઠ અને પેટના ભાગે મળીને અંદાજીત ચાર જેટલા ઘા વાગતા તેમનું મૃત્યું નિપજયુ હતું. જયારે સેકટર-૨ બી ખાતે રહેતા અભિમન્યુસિંહ મહેન્દ્રસિંહ રાઠોડને પણ શરીરે ગંભીર ઈજા પહોંચી હોવાથી અમદાવાદ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા છે.

જયારે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદથી ચા પીવા માટે આવેલા યુવકો સાથે યુવતિઓ પણ હતી. ત્યારે ગાંધીનગરના ગ્રુપના કોઈ એક દ્વારા છોકરીઓનો પીછો કરાયો હોવાની વાતથી બંન્ને ગ્રુપ વચ્ચે મારામારી સર્જાઈ હોય તેમ સુત્રોનું કહેવુ છે. કુડાસણના ભરચક વિસ્તારમાં હત્યાની બનેલી ઘટનાને પગલે ઈન્ફોસીટી પોલીસે ૬ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જયારે હુમલાખોર યુવકો અમદાવાદના સનાથલ વિસ્તારના હોવાની ચર્ચા છે. પોલીસે સીસીટીવી ફુટેજને પગલે યુવકોની શોધખોળ આદરી છે.









## હુમલાખોરો ત્રણ ગાડીમાં આવ્યા હોવાની ચર્ચા

સ્થાનિકોના મતે હુમલાખોર ત્રણ ગાડીમાં આવ્યા હતા. જેમાં ૬ યુવકો અને ૩ યુવતિઓ હતી. જેમાંથી એક કાર પર પોલીસ લખેલુ હોવાની ચર્ચા પ્રત્યક્ષદર્શીઓમાં ચાલતી હતી.

# ગાંધીનગર સાથે અહમદ પટેલનો અલગ નાતો હતો; સિવિલને એમ્બ્યુલન્સ તેમના ફંડમાંથી આપી હતી

**આજે સવારે ૧૦ વાગે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સામાન્ય સભાનું આયોજન**

ગાંધીનગર, તા. ૨૫

કોંગ્રેસ પ્રમુખશ્રીના રાષ્ટ્રીય સલાહકાર અને કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન તેમજ ગુજરાતનું રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરતા અહમદ પટેલના આજે થયેલ દુ:ખદ અવસાનના સમાચાર ગાંધીનગરમાં આવતાં જ કોંગ્રેસના કાર્યકરો શોકમગ્ન થઈ ગયા હતા.

અહમદ પટેલ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરાયા બાદ તેમના ગાંધીનગર અને ઉત્તર ગુજરાત સાથે વિશેષ નાતો બંધાયો હતો. રાજકીયક્ષેત્રે અજાતશત્રુ તરીકે ઓળખાતા અહમદ પટેલ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૧૧,૩૨૧ વ્યકિતના મોત ચોપડે નોંધાયા છે

**હાર્ટએટેકથી ૮૯૬, કેન્સરથી ૨૧૭, ૨૭૮૫ વ્યક્તીના ઘડપણને લઈ મોત નોંધાયા હતા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૯-૨૦ના વર્ષમાં કુલ ૧૧,૩૨૧ વ્યક્તીઓના મૃત્યુ નોંધાયા હતા. જેમાં ૬૭૨૭ પુરૂષ અને ૪૫૯૪ મહિલાના મૃત્યુ નોંધાયા હતા.

સત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૨૭૮૫ વ્યક્તીઓના મોત ઘડપણને લઈ થયા હતા. જયારે ૨૧૭ વ્યક્તીના મોત કેન્સરની જીવલેણ બિમારીને કારણે થયા હતા. ટી.બી.ને કારણે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધતી લુખ્ખાગીરી અને હિંસાખોરી પોલીસ તંત્ર માટે તમાશારૂપ નહી પણ તમાચારૂપ છે

**બેખૌફ બનતા ગુન્હેગારોને ગિરફતમાં લેવા પોલીસે હવે સાચા અર્થમાં સિઘમ બનવુ પડશે : ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં નાઇટ કલ્ચર દુષણરૂપ બન્યુ છે ત્યારે પોલીસે પણ આક્રમક રીતે એકશન મોડમાં આવવુ અનિવાર્ય છે : ચ્હાની ચુસ્કી અને સિગરેટના કસ સાથે લુખ્ખા તત્વો ગમે ત્યારે ક્રાઇમ સીન ક્રીએટ કરે છે : ગાંધીનગરમાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ શરમજનક**

**સમયસર**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર હવે માત્ર નામે જ ગાંધીનુ છે..શહેરમાં કાયદો અને વ્યવસ્થાનુ સ્તર હવે એટલી હદે નીચે ઉતરી ગયુ છે કે માર્ગ પર જતા રાહદારીઓ પણ સલામત નથી. વાત હવે સામાન્ય ચોરી , તસ્કરીની રહી નથી. પરંતુ મર્ડર અને લુંટના ગુન્હાઓ આચરવામાં પણ હવે આજકાલના લબરમુછીયાઓ પલવારનો પણ વિચાર કરતા નથી. તંદુરસ્ત સમાજની રચના માટે અવરોધરૂપ બનતા દુષણો નગરના પ્રવેશદ્વાર પાસે જ ખડકાઈ રહ્યા છે. શહેરના નવવિકસિત વિસ્તારમાં આ સ્થિતિના વધુ વરવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આડા દિવસોમાં અડ્ડો જમાવીને ટોળ ટપ્પા કરતા લુખ્ખાઓ ગમે ત્યારે હીંસાત્મક બની જાય છે. નજીવી વાત કે અણગમો નિર્દોષ વ્યકિત માટે જાનલેવા પુરવાર થાય તેવા કિસ્સાઓથી શિક્ષિત સમાજમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. સમગ્ર રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જયાંથી દોરી સંચાર થાય છે તેવા ગાંધીનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી ભયજનક સ્થિતિ સર્જાઇ છે. પોલીસ તંત્રની કામગીરી પણ જાણે સરકારી પરિપત્ર મુજબ થઈ ગઇ છે. જેમાં દંડ વસુલી મુખ્ય છે. તંદુરસ્ત સમાજની રચના માટે પોલીસ પ્રજા વચ્ચેનો સેતુ મજબુત રહે તે અનિવાર્ય છે. પંરતુ લુખ્ખા તત્વો બિન્દાસ્ત બનતા જાય અને હીંસા પર ઉતરી આવે ત્યાં સુધીની હીંમત અને લુખ્ખાગીરી કેળવી ન લે તે જોવાની ફરજ પણ પોલીસની જ છે...કાયદો અને વ્યવસ્થાના અમલના નામે માત્ર સેકટરોમાં રાત્રિના સમયે પસાર થતા સામાન્ય નાગરિકોને ઉભા રાખીને પુછપરછ કરવાથી સબ સલામત થઈ જવાનુ નથી શહેરના સેકટરોમાં બાંકાડ પર બેસીને સભ્ય સમાજના યુવાનો કે વડીલો વાત કરતા હોય તે પોલીસની નજરે તુરંત ચઢી જાય છે શહેરના પ્રવેશદ્વારની બીજીતરફ લુખ્ખા તત્વો નગરની શાંતિ ડહોળવાની વારંવાર હરકત કરતા ભદ્ર સમાજમાં આગ ભભુકી છે. ગાંધીનગર હરિયાળુ હોવાની સાથે શાંતિપ્રિય શહેરની આગવી ઓળખ ધરાવે છે. સેકટરોમાં હજુ આ કલ્ચર યથાવત છે. પરંતુ કુડાસણ સહીતના ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અવનવા દુષણો પાંગરી રહ્યા છે. માત્ર ફેશન બ્રાન્ડ બનતા યુવાનો દુષણોની અંધારી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના ૭૧ કેસ

**શહેરમાં ૩૬ તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૨૨, દહેગામમાં ૩, માણસામાં ૪, કલોલમાં ૬ કેસ નોંધાયા : ૩૧ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં થઈ આજે ૭૧ કોરોનાના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. શહેરમાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ નોંધાયા છે.

શહેરના સે. ૨૬ના ૬૦ વર્ષના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ સાથે શહેરમાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૩૧ થઈ છે.

જિલ્લામાં આજે ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં સંક્રમણ વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં શહેરમાં ૩૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે તો ગ્રામીણ વિસ્તારમાં ૨૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા ૩૫ કેસમાં ગાંધીનગરમાં ૨૨, દહેગામમાં ૩, માણસામાં ૪ અને કલોલમાં ૬ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૬ કેસ, રાંધેજામાંથી ૨ કેસ, પેથાપુરમાંથી ૨ કેસ, સરગાસણમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જલુંદ, સરઢવ, સાદરા, છાલા, કુડાસણ, રાંદેસણ, રાયસણ, ગલુદણમાંથી પણ કેસ મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના પાલુન્દ્રા, રખિયાલ અને દહેગામ અર્બન વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે. માણસા તાલુકામાં બિલોદરા, સમૌ અને માણસા અર્બનમાંથી બે કેસ સાથે ૪ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકાના બોરીસણા, પલસાણા, હાજીપુર, શોભાસણ અને અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

**કયા સેક્ટરમાં કેટલા કેસ નોંધાયા**

| | |
|---|---|
| સે. ૩ | ૩ |
| સે. ૭ | ૫ |
| સે. ૩-એ-ન્યુ | ૪ |
| સે. ૨ | ૩ |
| સે. ૬ | ૩ |
| સે. ૨૬ | ૩ |
| સે. ૨૯ | ૩ |
| જીઈબી | ૨ |
| સે. ૩૦ | ૨ |
| સે. ૫ | ૨ |
| સે. ૧૪ | ૨ |
| સે. ૨૨ | ૧ |
| પાલજ | ૧ |
| સે.૧૭ | ૧ |
| સે. ૨૮ | ૧ |
| કુલ | ૩૬ |

## સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર ખાતે મનપા કોવિડ કેર સેન્ટર આજથી શરૂ કરશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આજથી કોવિડ કેર સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તેને ધ્યાને રાખી સત્તાવાળાઓ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં છેલ્લા થોડાક દિવસોથી ૩૦ થી ઉપર કેસો મળી રહ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર ખાતે કાર્યરત થઈ રહેલ કોવિડ કેર સેન્ટરમાં ૫૦ બેડની સુવિધા રહેશે. આ કેર સેન્ટરમાં એ સિમ્ટોમેટિક દર્દીઓ તેમાં પણ ખાસ કરીને હોમ આઈસોલેશન માટેની સુવિધા ધરાવતા નથી તેવા દર્દીઓને રાખવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં સંક્રમણ વધતાં સિવિલ હોસ્પિટલમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે. તંત્રએ બે ખાનગી હોસ્પિટલમાં વધારાની ૪૦ બેડની સુવિધા ઉભી કરી હતી. હવે આ વધુ ૫૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.

તંત્રના આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તે ચિંતાજનક છે. તંત્ર દ્વારા ટેસ્ટીંગના પ્રમાણમાં પણ સારો એવો વધારો કરવામાં આવ્યો છે. શહેરમાં એ સિમ્ટોમેટીક કેસો વધારે મળી રહ્યાનો પણ તંત્રના સૂત્રોએ આડકતરો એકરાર કર્યો છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના અત્યાર સુધીમાં ૪૫ હજાર જેટલા એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં સર્વેલન્સની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી છે.


## પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ

**પ્રાંતિજ નગરપાલિકાને ODF++ તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ પ્રતિભાવ / મુદ્દાઓ / સુચનો મંગાવવા બાબત**

જા.નં. ૫૫૦, તા. ૨૫-૧૧-૨૦૨૦

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ODF++ જાહેર કરવા સારૂં નગરપાલિકાના વૉર્ડ કાઉન્સીલર, વૉર્ડ સર્કલ ઈન્ચાર્જ તેમજ નાગરિક સમુહના પ્રતિનિધિઓના ઘોષણાપત્ર મેળવવામાં આવેલ છે. તેમજ પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા સારૂ સરક્યુલર ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા પ્રતિભાવ / મુદ્દાઓ / સુચનો દિન-૧૫ (પંદર)માં પ્રાંતિજ નગરપાલિકા કચેરીએ લેખિતમાં રજૂઆત કરવા વિનંતી છે.

સ્થળ : પ્રાંતિજ

**આકાશ કે. પટેલ** — ચીફ ઓફીસર, પ્રાંતિજ નગરપાલિકા
**જગદીશભાઈ એલ. કિંમતાણી** — ઉપપ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા
**દીપકભાઈ એચ. કડિયા** — પ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા

**Indian Institute of Teacher Education**
(A State Public University established by Govt. of Gujarat)
Near KH-5 Kha Rd. Sector-15 Near Mahatma Mandir, Gandhinagar-382016

**3rd ANNUAL CONVOCATION**

3rd Annual Convocation of Indian Institute of Teacher Education, Gujarat is scheduled to be held on **Thursday, December 24, 2020** at Gandhinagar (Gujarat). Students are informed to visit the university website www.iite.ac.in and fill the degree form along with requisite fees. The last date to fill the online application form is **Monday, December 07, 2020**. All the other details will be made available on the university website.

Date: 25/11/2020
Place: Gandhinagar
Registrar

**૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ**

**કપચી-ગ્રીટ મેટલ**





વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ

UltraTech CEMENT
The Engineer's Choice

હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com